અપીલ અરજી નં.૨૮૮ તા.૨–૧–૦૯

અરજદારઃ શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૬–૧૧–૦૮ની અરજીથી બેગમપુરા દુધારાશેરી ઘર નં.૪/૩૬૦ વાળી મિલ્કતમાં ચાલતાં ચાંદી ગીલીટના એકમમાં કયા પ્રકારનો કેમીકલ વપરાશ થાય છે તેની સેન્ટ્રલ ઝોન આરોગ્ય અધિકારી પાસે તપાસ કરાવી માહિતી આપવી તથા સદર મિલ્કત માલીકે ચાંદી ગીલીટ એકમ ચાલુ કરેલ છે તે બાબતે સેન્ટ્રલ ઝોન આરોગ્ય વિભાગ તેમજ ફાયર વિભાગ પાસે મંજુરી લેવામાં આવી છે કે કેમ અને મંજુરી ન લેવામાં આવી હોય તો બંધ કરવાની જવાબદારી સુમપાની હોય તો તે બંધ કરાવવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨–૧–'૦૯ ની અપીલ અરજી નં.૨૮૮/૨૦૦૮–૦૯

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૬–૧૧–૦૮ની અરજીથી બેગમપુરા દુધારાશેરી ઘર નં.૪/૩૬૦ વાળી મિલ્કતમાં ચાલતાં ચાંદી ગીલીટના એકમમાં કયા પ્રકારનો કેમીકલ વપરાશ થાય છે તેની સેન્ટ્રલ ઝોન આરોગ્ય અધિકારી પાસે તપાસ કરાવી માહિતી આપવી તથા સદર મિલ્કત માલીકે ચાંદી ગીલીટ એકમ ચાલુ કરેલ છે તે બાબતે સેન્ટ્રલ ઝોન આરોગ્ય વિભાગ તેમજ ફાયર વિભાગ પાસે મંજુરી લેવામાં આવી છે કે કેમ અને મંજુરી ન લેવામાં આવી હોય તો બંધ કરવાની જવાબદારી સુમપાની હોય તો તે બંધ કરાવવા બાબતે પ્રતિભાવ ન મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૫૨ તા.૭–૧–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આજ દિન સુધી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે કોઈ અપવાદ રજુ કરેલ નથી.

અરજદારની તા.૨૬–૧૧–૦૮ ની અરજીથી બેગમપુરા દુધારાશેરી ઘર નં.૪/૩૬૦ વાળી મિલ્કતમાં ચાલતાં ચાંદી ગીલીટના એકમમાં કયા પ્રકારનો કેમીકલ વપરાશ થાય છે તેની સેન્ટ્રલ ઝોન આરોગ્ય અધિકારી પાસે તપાસ કરાવી માહિતી આપવી તથા સદર મિલ્કત માલીકે ચાંદી ગીલીટ એકમ ચાલુ કરેલ છે તે બાબતે સેન્ટ્રલ ઝોન આરોગ્ય વિભાગ તેમજ ફાયર વિભાગ પાસે મંજુરી લેવામાં આવી છે કે કેમ અને મંજુરી ન લેવામાં આવી હોય તો બંધ કરવાની જવાબદારી સુમપાની હોય તો તે બંધ કરાવવા બાબત અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને કોઈ માહિતી પૂરી પડોલ હોઈ તેવું જણાતું નથી.

અરજદારે પ્રથમ ભાગમાં નિર્દિષ્ટ મિલ્કત અંગે તપાસ કરાવવા અને માહિતી આપવા જણાવેલ છે. બીજા ભાગમાં મંજુરી લેવામાં આવેલ ન હોય તો એકમ બંધ કરાવવા કાર્યવાહી કરવા જણાવેલ છે. આમ પ્રથમ ભાગમાં જાહેર સત્તા મંડળ પાસેના ઉપલબ્ધ દફતરની નહીં પરંતુ દફતર ઉપસ્થિત કરી માહિતી આપવા જણાવેલ છે. જયારે બીજા ભાગનો મુદ્દો કાર્યવાહી હાથ ધરવાને લગતો જણાય છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેથી અને નિયંત્રણ હેઠળની માહિતી આપવાની રહે છે. પ્રસ્તુત કિસ્સામાં અરજદારે તેવી માહિતી માંગવાને બદલે માહિતીનું સર્જન કરી અપાવા જણાવેલ છે. જયારે બીજા ભાગમાં માહિતી માંગવાને બદલે કાર્યવાહી હાથ ધરવા જણાવેલ છે. જે બંન્ને આરટીઆઈ કાયદાના ફલકની મર્યાદા બહાર હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે. ફરીયાદ નિકાલ અંગે અરજદાર લાગત સક્ષમ સત્તાનો સંપર્ક કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) ....જાણ તથા અમલ માટે
(૨)શ્રી હેમંત એન. દેસાઈ,